# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ જી કે જનરલ હોસ્પિટલ સામે ભુજ

ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ/૨૦૨૪/ 63 તારીખ: 31/05/2024

રજી.એ.ડી. દ્વારા

પ્રતિ શ્રી

નરેંન્દ્રકુમાર કેશરા હાલાઇ

મકાન નંબર ૧૬૫/૧ કેરા રોડ

દહીસરા તાલુકો ભુજ

હાલે નેરોબી આફ્રિકા

વોટ્સ નંબર ૨૫૪૭૯૦૫૯૬૬૮૦

વિષય:- પ્લોટ ને અડચણ રુપ વીજ લાઇન હટાવવા બાબત

સંદર્ભ:- (૧)આપની અરજી નોધણી નંબર :- પીજી/૦૧/૦૦૪/૨૦૨૪-૨૫

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારૂં.

કન્વીનર

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ.

બિડાણ-ઉપર મુજબ

નકલ રવાના:-

(૧) શ્રી કાર્યપાલક ઇજનેર
પીજીવીસીએલ
વિભાગીય કચેરી
માંડવી પાવર હાઉસ કંમ્પાઉન્ડ
લાયજા રોડ માંડવી- કચ્છ

સદર નિર્ણયપત્રની નક્લ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે જેની તમામ વિગતો અભ્યાસે લઇ અને નામદાર ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિમયો. જાહેર નામા નં ૦૨/૨૦૧૯ ની વિનીમય નં ૨.૫૪ અનુસાર, સદર હુક્મના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરી ને અચુક મોક્લી આપવા વિનતી

(૨) નાયબ ઇજનેર
પીજીવીસીએલ પેટાવિભાગીય કચેરી
દહીસરા તાલુકો ભુજ

ગ્રાહકફરીયાદનિવારણફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજકંપનીલી.

પાવરહાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોનનંબર ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્ષ ૦૨૮૩૨-૨૫૦૦૪૮

**Email- forumbhuj.pgvcl@gebmail.com.**


કેસી/સીજીઆરએફ/૨૦૨૪ તા. / /૨૦૨૪

---

૨૦૦૩ના ભારતીય વિજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિધ્યુતનિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ **(CGRF)** પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No.PG-001-004-2024-25**

નરેન્દ્રકુમાર કેશરા હાલાઈ

ગામ: દહીંસરા,તા ભુજ-કચ્છ...............અરજદાર.

વિરુધ્ધ

શ્રી. કાર્યપાલકઈજનેરશ્રી,

પીજીવીસીએલ વિભાગીય કચેરી, *માંડવી*-કચ્છ...........સામાવાળા.

બાબત:- ખાલી પ્લોટમાંથી વીજ લાઈન હટાવી આપવા બાબત.

અરજદારતરફે:- શ્રી નરેન્દ્રકુમાર કેશરા હાલાઈ વતી શ્રી ભીમજી મનજી વરસાણી

સામેવાળાનાતરફે:-

(૧) શ્રી જે.જે.ગોહિલ કાર્યપાલકઈજનેરશ્રી *માંડવી* વિભાગીય કચેરી

(૨) શ્રી વી.આઇ.પટેલ (નાયબ ઇજનેર દહીસરા પેટાવિભાગીય કચેરી)

કોરમ:

(૧) એન.સી.મકવાણા - ચેરપર્સન

(૨) શ્રીઆર.જી.કુંપાવત – સ્વતંત્રમેમ્બર

(૩) શ્રી આર.સી.પટેલ - મેમ્બર (ટેક)

સુનાવણીસ્થળ-પીજીવીસીએલ વર્તુળકચેરી ભુજ

તા.: ૧૭/૦૫/૨૦૨૪

## ઠરાવ

૧. અરજદારશ્રી ની રજૂઆત એવી છે કે તેઓએ ગામ દહીંસરા-કેરા રોડ વિસ્તારમાં પોતાની માલિકીનો પ્લોટ ધરાવે છે. તેઓ વ્યવસાય અર્થે વિદેશમાં સ્થાયી થયેલ છે.તેઓની ગેરહાજરીમાં તેઓની મંજુરી વગર સદર પ્લોટ પર પીજીવીસીએલ દ્વારા બીનઅધીકૃત રીતે ૧૧ કે.વી.પાવરની લાઈન નાખી દેવામાં આવેલ છે.

૨. અરજદારશ્રીના જણાવ્યા અનુસાર તેઓને સદર પ્લોટ ઉપર બાંધકામ કરવાનું હોતા તેઓ દ્વારા તપાસ કરતાં સદર બીનઅધીકૃત વીજ લાઈન ૧૧ કે.વી.ધુણઈ ફીડરની છે, જેના કારણે તેઓના પ્લોટની જગ્યા જોખમરૂપ બનવાની સાથે તદન બિનઉપયોગી થઇ જવા પામેલ છે.આથી તેઓ દ્વારા તા.૦૨/૦૫/૨૦૨૩ના રોજ તેઓના સદર પ્લોટમાંથી બીનઅધીકૃત રીતે પસાર કરવામાં આવેલ વીજ લાઈન હટાવવા માટે અરજી કરેલ હતી, પરંતુ પી.જી.વીસી.એલ દ્વારા પૈસા ભર્યા વગર લાઈન નહી હટે એવો જવાબ મળતા, તે વીજ લાઈન હટાવવા નાછૂટકે રૂ.૧૫૦૦૦/- દહીંસરા પેટા વીભાગીય કચેરીએ ભરપાઈ કરેલ. પૈસા ભર્યા ના છ માસ વીતવા છતાં તેઓના પ્લોટ પરથી વીજ લાઈન હટાવવાની કોઈ કામગીરી કરવામાં આવેલ નથી.

3. અરજદારશ્રી દ્વારા પ્લોટમાંથી બીનઅધીકૃત રીતે પસાર કરવામાં આવેલ વીજ લાઈન હટાવવા તેમજ લાઈન હટાવવા નાછૂટકે રૂ.૧૫૦૦૦/- દહીંસરા પેટા વીભાગીય કચેરીએ ભરપાઈ કરેલ મારા ઉપરોકત પ્લોટ માંથી વીજ રેસા જાય છે તેથી હુ બાંધકામ કરી શકવામાં અસમર્થ છુ સદર બાબતે પીજેવીસીએલ ને પેટા વિભાગીય કચેરીમાં લેખિત તેમજ અનેક વખત મોખિક રજુઆતો કરવા છતા કોઇ પણ નિર્ણય ન આવતા કાર્યપાલક ઇજનેર માંડવી વિભાગીય કચેરી ને રજુઆત ઇમૈલ થી કરેલ, અને તે મેલ ઉપરથી કાર્યપાલક ઇજનેર દ્વારા નાયબ ઇજનેર દહીસરા પેટાવિભાગ ને દિવસ -૨૦ મા આ બાબતે યોગ્ય તપાસ કરી કામ પુર્ણ કરી ને તેનો રીપોર્ટ કરવા જણાવવામાં આવેલ હતુ પરંતુ આજદીન સુધી દહીસરા પેટા વિભાગ દ્વારા આજ દીન સુધી સદરહુ બાબતે કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નથી. હાલે હુ ધંધાઅર્થે મારા પરીવાર સહીત વિદેશ વસવાટ કરુ છુ જેથી હુ રુબરુ સપર્ક કરવામાં અસમર્થ છુ અને મારે એનઆરઇ ને આ બાબતે દાદ મળેલ નથી મારે મારી વતન માં આ પ્લોટ પર બાંધકામ ચાલુ કરાવવાનુ થાય છે. સદર પ્લોટ પર વીજ રેષા જો વહેલી તકે હટાવી લેવામાં નહી આવે તો ન છુટકે મારે ચાલુ લાઇન માં કામ કરાવવાની ફરજ પડશે અને પછી જો કોઇ વીજ અક્સ્માત થશે અને કોઇ જાનમાલ ને નુક્શાન થશે કે કોઇ એક્સીડેન્ટ થશે તો તેની સપૂર્ણ જબાબદારી પીજીવીસીએલ કચેરી ની રહેશે અને તે રુ ૧૫૦૦૦- રકમ પરત મેળવવા અને સદરહુ માટે યોગ્ય ન્યાય મેળવવા માટે ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ સમક્ષ ફરિયાદ કરેલ છે.

**<u>બીજી તરફ પીજીવીસીએલની રજૂઆત નીચે મુજબ છે.</u>**

૪. અરજદારશ્રી દહીંસરા-કેરા રોડ વિસ્તારમાં પોતાની માલિકીનો પ્લોટ ધરાવે છે, જે પ્લોટ પરથી ૧૧ કે.વી.ધુણઈ એ.જી.ફીડરની વર્ષો જૂની વીજ લાઈન પસાર થાય છે.

૫. અરજદારશ્રી દ્વારા તા.૧૮/૦૯/૨૦૨૩ના રોજ તેઓના સદર પ્લોટમાંથી રીતે પસાર કરવામાં આવેલ વીજ લાઈન હટાવવા માટે અરજી કરેલ હતી જે અન્વયે દહીસરા પેટા વિભાગીય કચેરી દ્વારા સર્વે કરીને તેઓને અંદાજપત્ર આપેલ જે તેઓ દ્વારા તા.૨૯/૦૯/૨૦૨૩ના ભરપાઈ કરવામાં આવેલ.

૬. સદર કામગીરી માટે કોન્ટ્રાકટર દ્વારા કામ કરવા ગયેલ પરંતુ બાજુમાં આવેલ ખેતરના માલીક શ્રી કેશરા શિવજી દ્વારા દ્વારા કામ બંધ કરાવેલ જે પ્લોટમાંથી લાઈન ખસેડવાની છે તે પ્લોટની આજુબાજુ રહેણાંક વિસ્તાર આવેલ હોઇ તેને લીધે નવી લાઇન સલામતી ની રીતે જોખમી થઇ શકે તેમ હોઇઆવેલ હોઈ લાઈન ફેરબદલ કરવામાં મોડું થયેલઅને સદરહુ અરજદારની ફરિયાદ ને ધ્યાને લઇ ને અન્ય વૈકલિપ્ક વટવસ્થા (ડબ્લ સરકીટ) અંગેની પુર્વ તાત્રીક મંજુરી લીધેલ છે. જેથી સદર લાઇનની સ્થળ ફેરની કામગીરી તારીખ ૨૫.૦૫.૨૦૨૪ સુધી પુર્ણ કરી દેવામાં આવશે

૭ પીજીવીસીએલ તરફ થી તારીખ ૧૭.૦૫.૨૦૨૪ નો રોજ ભુજ ફોરમ ને મીટીંગ માં થયેલ ચર્ચા મુજબ ઉપરોક્ત કેસ બાબતે સદરહુ ફીડર ની લાઇન ક્યારે ઉભી થઇ અને સદરહુ ફીડર ક્યારે ચાર્જ થયેલ વગેરે નો અહેવાલ માંગતા પીજીવીસીએલ તરફથી વધુ અહેવાલ મળેલ છે જે આ મુજબ છે. I am writing to inform you about the progress on the pending 11 KV Line Shifting Application submitted by Narendra Keshara Halai. We are pleased to inform you that the work related to this application is scheduled to be carried out on 23rd May 2024, as a scheduled shutdown of the line has been planned on that date.

Furthermore, I would like to bring to your attention that the pole erection work for this application has already been successfully completed.

We understand the importance of addressing consumer grievances promptly and efficiently. Our team is dedicated to ensuring that the necessary steps are taken to resolve the pending application

in a timely manner and with the least
inconvenience to the applicant.
11 KV Dhunai ag feeder charge on date 18.11.2015 but 11 KV Dhunai ag feeder Originally bifurcate from 11 KV Chunadi ag feeder it was commission on year 1996

Thank you for your understanding and assistance.
વધુ માં પીજીવીસીએલ તરફથી તારીખ ૨૩/૦૫/૨૦૨૪ ના ઇ-મેલ દ્વારા સદરહુ લાઇન શીફ્ટીંગ નુ કામ તારીખ ૨૩/૦૫/૨૦૨૪ ના રોજ પુર્ણ કરી સદરહુ ફરિયાદનુ નિરાકરણ કરેલ હોઇ એમ જણાવેલ છે.

ફોરમ નુ તારણ

૮ બન્ને પક્ષકારો ની રજુઆત જોતા સદરહુ ફરિયાદ અરજદાર ના ખાનગી પ્લોટ માંથી અડચણ રુપ વીજ લાઇન સમયસર ન ખસેડાતા અને પીજીવીસીએલ તરફથી ખોટી રીતે સદરહુ લાઇન શીફ્ટીગ ના રુ ૧૫૦૦૦- ભરાવતા સદરહુ ફરિયાદ ઉદભવી છે. બીજ તરફ પીજીવીસીએલ તરફથી સદરહુ અરજદાર દ્વારા લાઇન શીફ્ટીંગ અંગે ની જરુરી રકમ રુ ૧૫૦૦૦/- તારીખ ૨૯.૦૯.૨૦૨૩ ના રોજ ભરપાઇ કરેલ પરંતુ બાજુમાં આવેલ ખેતર ના માલીક દ્વારા વાધો લેતા સદરહુ લાઇન શીફ્ટીગ નુ કામ થઇ શકેલ નહી .પરંતુ હાલે સદરહુ ફરિયાદ ના આધારે અન્ય વૈકલિપક વ્યવસ્થા (ડબ્લ સરકીટ) અંગેની પુર્વ તાત્રીક મંજુરી લીધેલ છે. જેથી સદર લાઇનની સ્થળ ફેરની કામગીરી તારીખ ૨૫.૦૫.૨૦૨૪ સુધી પુર્ણ કરી દેવામાં આવશે અને પીજીવીસેલ તરફ થી તારીખ ૨૧/૦૫/૨૦૨૪ ના ઇ-મેલ માં મળેલ વધુ જવાબ મુજબ સદરહુ લાઇન શીફ્ટીગ માટે ના પોલ ઉભા કરવાનુ કામ પુર્ણ થયેલ છે અને જરુરી શટડાઉન મળતા સદરહુ લાઇન શીફ્ટીગ ની કામગીરી તારીખ ૨૩/૦૫/૨૦૨૪ નો રોજ પૃર્ણ કરી અંને સદરહુ ફરિયાદ નુ નિરાકરણ કરવામાં આવે એમ જાણાવેલ વધુમાં તારીખ૨૩/૦૫/૨૦૨૪ ના ઇ-મેલ દ્વારા સદરહુ લાઇન શીફ્ટીંગ નુ કામ તારીખ ૨૩/૦૫/૨૦૨૪ નો રોજ પુર્ણ થયેલ છે. તેમ જ્ણાવેલ છે.

ઉપરોકત બાબતે સદરહુ અરજદાર દ્વારા લાઇન શેફ્ટીગ નો અંદાજ પત્રક ની રકમ ૨૯.૦૯.૨૦૨૩ ના રોજ ભરપાઇ થયા છતા પીજીવીસીએલ તરફથી કોઇ નક્કર કાર્યવાહી કે ઉપરોક્ત બાબતે કોઇપણ જાતનો લેખિત માં પત્રવ્યવાર કે વાંધા બાબતની જાણ અરજદાર ને કરેલ નથી જેમની અત્રેનુ ફોરમ ગંભીર નોંધ લેછે.વધુમા સદરહુ અરજદારે તેમની ફરિયાદમાં જે લાઇન શીફ્ટીંગ ના ખોટી રીતે ભરાયેલ રુ ૧૫૦૦૦- બાબતે પીજીવીસીએલ તરફથી કોઇ સપષ્ટતા કરવામાં આવેલ નથી આ બાબતે ફોરમ દ્વારા હાજર રહેલ પીજીવીસીએલ ના અધિકારીશ્રી ને જણાવતા તેમના તરફ થી વધુ વિગતવાર અહેવાલ ક્રમ નંબર ૭ મુજબ મળેલ છે.

બીજી તરફ અરજદાર દ્વારા સદરહુ જમીન વર્ષ ૧૯૯૯ માં ખરીદ કરાયેલ છે પરંતુ તેમણે નળતર રુપ લાઇન શીફ્ટ કરવાની અરજી વર્ષ ૨૦૨૩ માં એટલે કે ૨૪ વર્ષ ના લાંબા

સમય ગાળા બાદ કરેલ છે. તે બાબતની પણ નોંધ અત્રેનુ ફોરમ લે છે. અને પીજીવીસીએલ દ્વારા ક્રમ નંબર ૦૭ મુજબ વધુ મળેલ જવાબ જોતા અડચણ રુપ લાઇન નુ સંબધીત ધુનઇ એજી ફીડરતારીખ ૧૮/૧૧/૨૦૧૫ નો રોજ ચાર્જ કરવામાં આવેલ છે. જે મુળ ૧૧ કેવી ચુંનડી એજી ફીડર માંથી વિભાજીત થયેલ છે. અને ચુનડી એજી ફીડર વર્ષ ૧૯૯૬ માં ચાલુ થયેલ .

-: હુકમ:-

બન્ને પક્ષકારોની રજૂઆત બાદ હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

ઉપરોકત કેસમાં ફરિયાદીની ફરિયાદ મુજબ નુ લાઇન શીફ્ટીગ નુ કામતારીખ ૨૩/૦૫/૨૦૨૪ ના રોજ પુર્ણ થયેલ હોવાથી અત્રેની ફોરમ ને આ બાબતે વધુ કોઇ હુકમ કરવાનો રહેતો નથી પીજીવીસીએલ તરફથી લાઇન શીફ્ટીગ ના વસુલાયેલ રકમ બાબતે સદરહુ અરજદારે પ્લોટ ખરીદ કર્યા ના વર્ષ ૧૯૯૯ થી ૨૪ વર્ષ બાદ અરજી કરેલ હોવાથી અને સદરહુ ફીડર ૧૯૯૬ ના વર્ષ માં મુળ ઉભુ થયેલ હોવાથી, આ બાબતે અત્રે નુ ફોરમ ઉપરોકત લાઇન શીફ્ટીગ માટે વસુલાયેલ રકમ યોગ્ય અને રીફંડ ને પાત્ર નથી એવુ હુકમ કરે છે .

- અરજદર ની અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.
- ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.
- આ હુકમ આજ તા. /૦૫/૨૦૨૪ના રોજ જાહેર કર્યો .

| | | |
|---|---|---|
| (આર.જી.કુંપાવત) | (આર.સી.પટેલ) | (એન.સી.મકવાણા) |
| સ્વતંત્ર મેમ્બર | મેમ્બર ટેક | ચેરપર્સન |

## ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ-કચ્છ

નોંધ:

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિવસ- 30માં વિદ્યુત લોકપાલમાં રજુઆત કરી શકે છે. આ રજુઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ(ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામાં નં૦૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબ ની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ રજુઆત લોકપાલ સ્વીકારશે કલમ ૩.૧૯ (૮) મુજબ ફરીયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એકતૃત્તીયાંશ રકમ જમાં કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબીતી રજુ કરી હોય, તો જ તેવી રજુઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: જીલ્લા સેવા સદન -૩ત્રીજો માળ –બ્લોક નં-૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ -૩૬૦૦૦૧, ફોન નં.૦૨૮૧-૨૯૯૪૧૨૫